| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૮૭૯ |
| અમદાવાદ | ૧૫૨ |
| ગાંધીનગર | ૩૪ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૨૪ ૧૩ જુલાઈ, ૨૦૨૦, સોમવાર; અષાઢ વદ - ૮ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાજસ્થાનમાં 'મધ્યપ્રદેશવાળી' થશે

## ૧૨ ધારાસભ્યો સાથે સચીન પાયલટ સોનિયા ગાંધીને મળવા પહોંચ્યા : મોડીસાંજે સચીન પાયલોટ જ્યોતિરાજે સિંધિયાને પણ મળ્યા : સચિન પાયલોટ સિંધિયા બને તો ભાજપ સરકાર રચવા તૈયાર : ગતિવિધિથી હચમચી ગયેલા ગેહલોતે ધારાસભ્યને સમન્સ પાઠવ્યા : ૩૦ ધારાસભ્યોનો ટેકો હોવાનો પાયલોટનો દાવો



જયપુર, તા. ૧૨

ભાજપ દ્વારા રાજસ્થાનમાં પણ મધ્યપ્રદેશવાળી કરવાની તૈયારી થઈ ચુકી છે. ડેપ્યુટી મુખ્યમંત્રી સચિન પાયલોટના મનાતા ૨૫ જેટલા ધારાસભ્યોને ફોડવા ભાજપે શસ્ત્રો સજાવી લીધાં છે. સરકાર પાડવાના ષડયંત્ર અને ધારાસભ્યોની સોદાબાજીની ઘટના ચર્ચામાં આવતા દિલ્હીમાં બેઠકનો દોર જામ્યો છે. રાજસ્થાનના નાયબ મુખ્યમંત્રી સચિન પાયલોટ સહિત ૧૨ કોંગ્રેસ અને ૩ અપક્ષ ધારાસભ્યો દિલ્હી અને હરિયાણાની એક હોટલમાં રોકાયા હોવાનું કહેવાય છે. નારાજ ધારાસભ્યોએ સોનિયા ગાંધી સમક્ષ રજૂઆત કરી છે. સચિન પાયલોટ ભાજપના નેતાઓના સંપર્કમાં છે. તેમણે ૧૫ ધારાસભ્યોના સમર્થનનો દાવો કર્યો છે. ભાજપનું કહેવું છે કે પહેલાં તેઓ ગેહલોત સરકારને ગબડાવે. મીડિયા રિપોટર્સ અનુસાર ભાજપે સચિનને મુખ્યમંત્રી પદ આપવાનો ઈનકાર કર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાજસ્થાનની બોર્ડર ફરીથી સીલ કરાઈ

જયપુર,તા.૧૨

રાજસ્થાનમાં ચાલી રહેલા રાજકીય ઘટનાક્રમ વચ્ચે ફરી એક વખત રાજ્યની સરહદોને સીલ કરી દેવામાં આવી છે. રાજસ્થાન સરકારના ગૃહ વિભાગે આ મામલે આદેશ જાહેર કર્યા છે. સરકારી આદેશ પ્રમાણે કોરોનાના વધતા કેસની સંખ્યાને ધ્યાનમાં રાખીને રાજ્યની સરહદો સીલ કરવાનો નિર્ણય લેવાયો છે. રાજસ્થાનની જે પણ વ્યક્તિ રાજ્યની બહાર જવા ઈચ્છશે તેના માટે પાસ લેવો જરૂરી છે. એક તરફ રાજ્યની કોંગ્રેસ સરકારને પાડી દેવા પ્રયત્નો થઈ રહ્યા હોવાના સમાચાર સામે આવ્યા છે તેવા સમયે જ રાજસ્થાનની સરહદોને સીલ કરી દેવાનો આદેશ આપવામાં આવ્યો છે. રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતના આરોપ પ્રમાણે ભારતીય જનતા પાર્ટી (બીજેપી) રાજ્યની કોંગ્રેસ સરકારને પાડવા ષડયંત્ર રચી રહી છે.

હાલ રાજસ્થાનની સરહદ પર ચોકસાઈ વર્તવામાં આવી રહી છે. ધારાસભ્યોને રાજ્યની બહાર જતા અટકાવવા માટે રાજસ્થાનની

● અનુસંધાન પાન-૭ પર



# ગેંગસ્ટર દુબેના એન્કાઉન્ટરની તપાસ માટે સીટની રચના

## ૩૧ જુલાઈ સુધીમાં સરકારને રિપોર્ટ આપશે : સંજય ભૂસરેડ્ડીની અધ્યક્ષતામાં બનેલી ટીમમાં ADG હરિરામ શર્મા, DIG રવિન્દ્ર ગૌડને પણ નીમવામાં આવ્યા

લખનૌ, તા. ૧૨

ગેંગસ્ટર વિકાસ દુબે એનકાઉન્ટર કેસ અંગે ઉત્તરપ્રદેશ સરકારે સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસઆઈટી)ની રચના કરી છે. એડિશનલ ચીફ સેક્રેટરી ચીફ સેક્રેટરી સંજય ભૂસરેડ્ડીની અધ્યક્ષતામાં બનેલી આ ટીમમાં એડીજી હરિરામ શર્મા અને ડીઆઈજી રવિન્દ્ર ગૌડને પણ નીમવામાં આવ્યા છે. એસઆઈટી આ મામલે તપાસ કરીને ૩૧ જુલાઈ સુધી સરકારને રિપોર્ટ સબમિટ કરશે. ઉજ્જૈનમાં કરવામાં આવેલી ધરપકડ બાદ વિકાસ દુબેને કાનપુર લઈ જવામાં આવી રહ્યો હતો પરંતુ એસટીએફની ગાડીને અકસ્માત નડ્યો હતો અને પોલીસના જણાવ્યા અનુસાર વિકાસ દુબેએ એક પોલીસકર્મીની બંદૂક છીનવવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ પોલીસ પર ફાયરીંગ કરીને ભાગવાની કોશિશ કરી હતી. વળતા ફાયરીંગમાં તેને ગોળી વાગી હતી. ત્યારબાદ પોલીસે વિકાસ દુબેને હોસ્પિટલમાં દાખલ કર્યો હતો, જ્યાં ડોકટરોએ તેને મૃત જાહેર કરી દીધો હતો.

એસટીએફની થીયરી પર ચારેયબાજુથી સવાલ ઉઠી રહ્યા છે, જેથી સરકારે આ મામલે સીટની રચના કરવાનો નિર્ણય લીધો છે. યુપી પોલીસે સ્પષ્ટ કરી દીધું છે કે, કાનપુરના બીકરું ગામમાં આઠ પોલીસકર્મીની હત્યાના મુખ્ય આરોપી વિકાસ દુબેની હત્યા બાદ પણ પોલીસ ઓપરેશન રોકાયું નથી. વિકાસ દુબેના ૧૨ ફરાર થઈ ગયેલા સાથીઓની તપાસ કરવામાં આવી રહી છે જેમણે આ જઘન્ય પાપ કર્યું છે. પોલીસે વિકાસ સહિત ૬ લોકોને એનકાઉન્ટરમાં ઠાર કર્યા છે, જ્યારે ૩ લોકોની ધરપકડ કરવામાં આવી છે.




## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૨૯૨૬૫૪૫ | ૫૬૯૧૦૪ | ૬૯૩૮૨૧૪ |
| ભારત | ૮૭૨૭૮૪ | ૨૩૦૮૭ | ૫૪૯૬૫૬ |
| ગુજરાત | ૪૧૯૦૬ | ૨૦૪૭ | ૨૯૧૯૮ |
| ગાંધીનગર | ૯૭૬ | ૬૧ | ૬૨૭ |

# કોરોના મહાસંકટ : દેશમાં વધુ ૨૮,૬૩૭ કેસ

## દેશમાં દર્દીઓની સંખ્યા ૮.૪૯ લાખ પર પહોંચી : ૨૪ કલાકમાં ૫૫૧ના મોત : કુલ ૨૨ હજાર ૬૮૭ના મોત, રિકવરી રેટ વધીને ૬૨.૯૨ થયો

નવી દિલ્હી,તા.૧૨

સમગ્ર દેશમાં અનલોક-૨ના ૧૧મા દિવસે કોરોના સંક્રમણના શનિવારે સૌથી વધુ ૨૮ હજાર કરતાં વધારે કેસો નોંધાતા આરોગ્ય તંત્રમાં ખળભળાટ મચી ગયો હતો. સતત પાંચમા દિવસે ૨૫ હજારની આસપાસ આવતાં કેસો હવે ૨૭ હજારની આસપાસ પહોંચી ગયા છે. આજે રવિવારે સવારે છેલ્લાં ૨૪ કલાકના જાહેર કરાયેલા આંકડા પ્રમાણે, ગઈકાલે ૨૮૬૩૭ નવા કેસો નોંધાયા હતા. અને ચાર જ દિવસમાં એક લાખ કેસો વધી ગયા હતાં.

છેલ્લાં ૨૪ કલાકમાં વધુ ૫૫૧ના મોત થયા હતા અને આ સાથે જ કુલ કેસો વધીને ૮,૫૦,૩૫૮ થયા હતા. જ્યારે સારવાર હેઠળના કેસો વધીને ૨,૯૧,૦૫૮ થયા હતા. તો સાજા થયેલા લોકોની સંખ્યા વધીને ૫,૩૬,૨૩૧ પર પહોંચી હતી. જ્યારે મૃત્યુઆંક વધીને ૨૨,૬૮૭ થયો હતો.

રાજ્યના હોમ ગાર્ડ મંત્રી અને પૂર્વ ક્રિકેટર ચેતન સિંહ ચૌહાણનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જ્યારે, રાજસ્થાનમાં જોધપુર કલેક્ટર ઈન્દ્રજીત સિંહના પત્ની અને દીકરી પણ પોઝિટિવ મળી આવ્યા છે.



## છેલ્લે... છેલ્લે...

- જાણીતા અભિનેત્રી રેખાના સિક્યોરીટીને કોરોના પોઝિટિવ આવતા બંગલો સીલ કરાયો.
- ઉત્તર પ્રદેશમાં કોરોના કેસો વધતા દર અઠવાડિયે શનિ-રવિ લોકડાઉન રહેશે
- ૯ ગોલ્ડ સહિત ૨૪ મેડલ જીતનારી હરિયાણાની રમતવીર મજૂરી કરવા મજબૂર
- બીએમસીનાં આસિસ્ટન્ટ કમિશ્નર અશોક ખૈરનરનું કોરોનાને કારણે નિધન
- દેશમાં કોરોનાના કેસોની સંખ્યા વધતા ઓક્સિજનની અછત.
- મુંબઈમાં વપરાયેલા માસ્ક અને ગ્લોઝ અબજોની સંખ્યામાં સમુદ્રમાં ફેંકાઈ રહ્યા છે.
- પ્રથમ વાર માસ્કમાં જોવા મળ્યા રાષ્ટ્રપતિ ટ્રમ્પ
- તણાવ વધતા અમેરિકાએ ચીનમાં રહેતા પોતાના નાગરિકોને સાવધાન કર્યા
- રાજ્યના આરોગ્ય મંત્રી કુમાર કાનાણીના પુત્ર સહિત બે સાથીદારોની સુરત પોલીસે અટકાયત કરી.
- મણીનગર સ્વામીનારાયણ ગાદીપતિ પી.પી. સ્વામીના સ્થાને જીતેન્દ્રપ્રિય સ્વામીની વરણી

# બચ્ચન પરિવાર કોરોનાથી સંક્રમિત

## અમિતાભ, અભિષેક બાદ ઐશ્વર્યા અને આરાધ્યાનો રિપોર્ટ પણ કોરોના પોઝિટિવ આવ્યો : બચ્ચનના ચારેય બંગલાઓને સીલ કરી કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરાયા

મુંબઈ, તા. ૧૨

મેગાસ્ટાર અમિતાભ અને પુત્ર અભિષેક બચ્ચનનો કોરોના સભ્યો કોરોનાના ભરડામાં આવી ગયા છે. પિતા-પુત્ર બાદ ઐશ્વર્યા રાય બચ્ચન તેમજ આરાધ્યા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પિતા-પુત્રની તબિયત સારી હોવાનું નાણાવટી હોસ્પિટલના



રિપોર્ટ શનિવારે પોઝિટિવ આવ્યા બાદ તેમને મુંબઈની નાણાવટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. રવિવારે તે પછી બચ્ચન પરિવારના એક પછી એક બચ્ચનનો કોરોના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે. ઐશ્વર્યા અને આરાધ્યા બચ્ચનનો બીજો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો અને તેમને પણ સારવાર માટે ક્રિટિકલ કેર સર્વિસના ડાયરેક્ટર ડો. અબ્દુલ સામદ અંસારીએ જણાવ્યું હતું.

અમિતાભ તેમજ અભિષેક બચ્ચનનો કોરોનાનો બીજો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો હોવાનું જણાયું છે, પરંતુ તેમની તબિયત સ્થિર હોવાથી ચિંતા નહીં હોવાનું તબીબોએ જણાવ્યું હતું. બન્નેને લક્ષણો વગરનો કોરોના હોવાનું જણાયું છે.

● અનુસંધાન પાન-૭ પર

# અનુપમ ખેરની માતા, ભાઈ, ભાભી, ભત્રીજીને પણ કોરોના : માતાને કોકિલાબેન હોસ્પિટલમાં દાખલ કરાયા

## અનુપમના પરિવારના અન્ય સભ્ય હાલ હોમ કોરેન્ટાઈન

મુંબઈ, તા. ૧૨

બચ્ચન પરિવાર બાદ અનુપમ ખેરના પરિવારમાં પણ કોરોનાએ પગપેસારો કર્યો છે. અનુપમ ખેરના પરિવારના ૪ સભ્યોના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. અનુપમ ખેરના સોશિયલ મીડિયા પર વીડિયો શેર કરીને જણાવ્યું છે કે, તેમની માતા દુલારી, ભાઈ રાજુ ખેર, ભાઈની પત્ની અને અનુપમ ખેરના ભત્રીજામાં કોરોના લક્ષણ જોવા મળ્યાં છે. અનુપમની માતાને મુંબઈની કોકિલાબેન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે જ્યારે પરિવારના અન્ય સભ્ય હાલ હોમ કોરેન્ટાઈનમાં છે. અનુપમ ખેરે પોતાનો પણ ટેસ્ટ કરાવ્યો છે. તેમણે જણાવ્યું કે, તેમનો અને તેમના ભત્રીજાનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે અને તેમણે બીએમસીના અધિકારીઓને પણ આ અંગે જાણકારી આપી છે.

# મહારાષ્ટ્ર રાજભવનના ૧૮ કર્મચારીઓ કોરોના પોઝિટિવ આવતાં ખળભળાટ

## રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારી થયા સેલ્ફ ક્વોરન્ટાઈન

મુંબઈ,તા.૧૨

મહારાષ્ટ્રમાં ઝડપથી ફેલાઈ રહેલો કોરોના વાયરસ હવે રાજભવન સુધી પહોંચી ગયો છે. મળતા અહેવાલો મુજબ, રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારીના ૧૮ કર્મચારી કોરોના પોઝિટિવ હોવાનું સામે આવ્યું છે. રાજભવનના કર્મચારીઓના કોરોના પોઝિટિવ આવ્યા બાદ રાજ્યપાલ કોશ્યારી સેલ્ફ ક્વૉરન્ટીનમાં મોકલી દેવામાં આવ્યા છે. નોંધનીય છે કે, અત્યાર સુધી રાજભવનના ૧૦૦ કર્મચારીઓને કોરોના ટેસ્ટ કરાવવામાં આવ્યા છે જેમાંથી ૫૫ લોકોનાં જ રિપોર્ટ સામે આવ્યા છે. હજુ બીજા કર્મચારીઓના રિપોર્ટ આવવાના બાકી છે. નોંધનીય છે કે, રાજભવનમાં કામ કરનારા એક જૂનિયન ઈલેક્ટ્રિશિયન કોરોના પોઝિટિવ હોવાનું સામે આવ્યું હતું.

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા



₹25*/500 mL

અમૂલ શક્તિ

Amul The Taste of India

*એમઆરપી (બધાં કરવેરા સહિત), ... શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા ... સૌરાષ્ટ્ર: 079 - 23969055 / 56 / 57

SWARRNIM STARTUP & INNOVATION UNIVERSITY
Gandhinagar, Gujarat

INDIA'S FIRST UNIVERSITY FOR STARTUP

ADMISSIONS OPEN 2020-21

School of Technology
Diploma - Computer | Civil | Electrical | Mechanical | Automobile
B.Tech - Computer Egg. | IT | EC | Mechanical | Electrical | Civil | Automobile AI | CTIS | MACT | Blockchain
M.Tech - Advance Manufacturing System | AI | Electronics Communication Power Systems | Environmental Engineering | Cyber Security
PHD

School of Health Science
BAMS | BHMS | BPT | GNM | B.Sc. Nursing DMLT | Sanitary Inspector

School of Science
B.Sc. - PCM | Biotech | Microbiology | Fire And Safety
M.Sc. - Biotech | Chemistry Microbiology

Institute of Designs
B.Arch
B.Sc. Fashion & Creative Style (international Collaboration With Atelier Chardon Savard-Paris)
B.Des/Diploma - Fashion | Interior Product Graphic & Animation | UX
M. Plan

School of Business
B.Com | BBA | BCA | M.Com | MBA | Airport Mgmt | Hotel Mgmt.

SWARRNIM EASY FEE
0% Interest Education Loan

Scan to Apply Online ▶▶

Contact Us
www.swarrnim.edu.in
admission@swarrnim.edu.in
95108 58239
95108 68970

100% Placement in Last 3 Years